# ૪. ગાજે છે રાનમાં

### ધ્રુવ ભટ્ટ

૮ મે, ૧૯૪૭ના રોજ ભાવનગર જિલ્લાના નીંગાળામાં તેમનો જન્મ થયો હતો. જાફરાબાદ અને કેશોદમાં તેમનો અભ્યાસ થયો હતો. તેમની પ્રથમ નવલકથા 'અગ્નિકન્યા' ૧૯૮૮માં પ્રકાશિત થઈ હતી. 'ગાય તેના ગીત' અને 'શ્રુનવંતુ' તેમના નોંધપાત્ર કાવ્યસંગ્રહ છે. નોંધનીય નવલકથામાં 'અકુપાર', 'તત્ત્વમસિ', 'લવલી પાન હાઉસ', 'સમુદ્રાન્તિકે' વગેરેનો સમાવેશ થાય છે. 'તત્ત્વમસિ' માટે ૨૦૦૨માં તેમને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. સૌરાષ્ટ્રના સમુદ્ર પ્રવાસ દરમ્યાનના અનુભવોના પરિણામસ્વરૂપે આપણને તેમની પાસેથી 'સમુદ્રાન્તિકે' મળી છે. તેઓ સાહિત્ય પરિષદ તથા દર્શક ફાઉન્ડેશન એવૉર્ડ દ્વારા સન્માનિત થયા છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં કવિએ ચોમાસાને કારણે પ્રકૃતિનાં બદલાતાં રંગરૂપની વાત કરી છે. જંગલમાં વરસાદ વરસે ત્યારે વૃક્ષોની લીલાશ મેદાનમાં નીતરીને આવે છે. શહેરોમાં જ્યારે ધોધમાર વરસાદ વરસે ત્યારે તેમાં આવેલાં મકાનોમાં વરસાદની વાંછટ અનુભવાય છે. કુદરત, પશુ, પક્ષીઓ પર તેની ઊંડી અસર પડે છે. તો માનવના મન પણ તેની માદક અસરથી બાકાત રહેતાં નથી અને મોર બની ટહુકા કરવા લાગે છે. કુદરતના સાંનિધ્યમાં ગહેકવા લાગે છે. આમ કવિએ અહીં રસપ્રદ શૈલીમાં ચોમાસાને મન ભરી માણવાની વાત કરી છે.

ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં
વાડ પરે સૂતેલી સઘળી લીલાશ હવે નીતરતી થાશે મેદાનમાં
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...

ઊંચેથી આરપાર સરતું આકાશ હવે ઉતરશે ધોધમાર હેઠું
ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા કે ચોમાસું ધારધાર બેઠું
કાલ સુધી રહેતા'તા આપણે ને કાલથી તો વાંછટો રહેશે મકાનમાં
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...

આપણને થાય એવું વાદળને થાય એવું ઝરણાને થાય એવું ઘાસને
આવી ઘટનામાં જે ડુંગરને થાય, થાય નેવેથી દડદડતા ગામને
તમને યે થાય ચાલ ટહુકો થઈ જાઉં અને ઝાડ તળે ગહેકું રે પાનમાં
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કાવ્યનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં કોઈપણ પરિચિત વર્ષાગીતનું સમૂહગાન કરાવી શકાય. વર્ષની ઋતુઓ તેમજ પેટાઋતુઓ બાબત ચર્ચા કરી શકાય. લઘુપ્રશ્નોની મદદથી શહેરના, ગામડાંના, જંગલના વરસાદની માહિતી આપી શકાય. ચોમાસા પછી કુદરતમાં થતાં પરિવર્તન વિશે પ્રશ્નો પૂછી ચર્ચા કરી શકાય. વરસાદ પડવાના જુદાજુદા પ્રકારનું સ્પષ્ટીકરણ કરી શકાય. દા.ત. ઝરમર, મુશળધાર, ધોધમાર વગેરે.

વરસાદની અસર પ્રકૃતિનાં તત્ત્વો તેમજ સજીવ સૃષ્ટિ પર જે જે રીતે થતી હોય તેની પણ સક્રિય ચર્ચા કર્યા પછી અંતે વિદ્યાર્થીઓના મન પર થતી અસર બાબત પૂછી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) જંગલ (૨) બધું (૩) નભ (૪) જોરદાર

(૫) સોંસરું (૬) ખડ (૭) પર્ણ (૮) પવન

**સ. ૨.** **કાવ્યમાંથી અંત્યાનુપ્રાસવાળા શબ્દો શોધો.**

**સ. ૩.** **ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવી તેનો વાક્યમાં ઉપયોગ કરો : દા.ત. ઊંચું – ઊંચેથી.**

**વાક્ય** – ઊંચેથી પાણી ધો ધો પડતું હતું.

(૧) નીચું (૨) ઊંડું (૩) જમણું (૪) હળવું

**સ. ૪.** **શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) વાડી, બગીચા, મકાન વગેરેના રક્ષણ માટે ચારેબાજુ કરવામાં આવતી કાંટાળા છોડની આડ – ____________________________

(૨) આકાશમાં દેખાતો ધુમાડાના ગોટા જેવો સમૂહ – ____________________________

(૩) છાપરાની નીચેની કિનારી પરનું નળિયું – ____________________________

**સ. ૫.** **નીચેના શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો :**

(૧) વાટ → [ ] → [ ] → [ ] → [ ]

(૨) સાવધ → [ ] → [ ] → [ ] → [ ]

(૩) ચોમાસું → [ ] → [ ] → [ ] → [ ]

(૪) ટહુકો → [ ] → [ ] → [ ] → [ ]

**સ. ૬. અર્થ સમજાવતી પંક્તિ લખો :**

(૧) વરસાદને કારણે વૃક્ષો પરનાં પાંદડાંનો રંગ ધોવાઈ જશે.

(૨) ઠંડાં, ભીનાં પવનો ચોમાસું જોરદાર જામવાનો સંદેશો લાવશે.

(૩) ચોમાસાની અસર વાદળાં, ઝરણાં, ઘાસ વગેરે દરેક તત્ત્વને થાય છે.

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(૧) ચોમાસું ગાજે છે _______________.

(અ) રાનમાં (આ) મેદાનમાં (ઇ) શહેરમાં

(૨) ધોધમાર વરસતા વરસાદમાં પવનો પણ_______________.

(અ) સૂકાં અને ગરમ વહે છે (આ) ભીનાં અને ઠંડાં વહે છે (ઇ) ઠંડા, ગરમ વહે છે

(૩) ચોમાસામાં પ્રકૃતિની અસર માનવી પર પડતાં તે _______________ .

(અ) પ્રકૃતિની જેમ ખીલી ઊઠે છે

(આ) પક્ષીઓની જેમ કલરવ કરે છે અને ફૂલની જેમ મહેકે છે

(ઇ) ટહુકવા અને ગહેકવા લાગે છે

**સ. ૮. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

(૧) વાડ પર સૂતેલી સઘળી લીલાશ _______________.

(૨) ભીંજાતા વાયરાઓ વહેશે ____________________.

(૩) આપણને થાય એવું વાદળને થાય _______________.

(૪) તમને યે થાય ચાલ ટહુકો થઈ જાઉં _______________.

**સ. ૯. આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૦. ‘આશ’ પ્રત્યય લગાવી ભાવવાચક નામ બનાવો : દાત. મોકળું – મોકળાશ**

| | | | |
|---|---|---|---|
| (૧) લીલું | (૨) તીખું | (૩) નવરું | (૪) નમણું |
| (૫) મીઠું | (૬) કાળું | (૭) કડવું | (૮) હળવું |

**સ. ૧૧. સંધિ કરો :**

| | |
|---|---|
| (૧) પર + અધીન = ____________ | (૨) ગણ + ઈશ = ____________ |
| (૩) રવિ + ઇન્દ્ર = ____________ | (૪) શિવ + આલય = ____________ |
| (૫) પરિ + ઈક્ષા = ____________ | (૬) સિદ્ધ + અર્થ = ____________ |
| (૭) ધર્મ + આત્મા = ____________ | (૮) પુરુષ + અર્થ = ____________ |
| (૯) પરમ + અર્થ = ____________ | (૧૦) સેવા + આશ્રમ = ____________ |

સ. ૧૨. નીચેનાં વાક્ય ભૂતકાળમાં બદલો :

(૧) વાદળાં રાનમાં ગાજે છે.
(૨) મોર આંબાની ડાળે ગહેકે છે.
(૩) આંબા પર મોર બેસે છે.
(૪) બધાં મીઠાઈ ખાય છે.
(૫) ચોમાસું બરાબર બેસે છે.
(૬) ધોધમાર વરસાદ વરસે છે.

★ વર્ષની ઋતુઓ અને પેટાઋતુઓ વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.

★ તમારી શાળામાંથી ઉનાળાની રજાઓ દરમ્યાન જનારા કૂલુ-મનાલી-સિમલાના પર્યટનમાં જવા માટે પરવાનગી અને પૈસા માંગતો પત્ર તમારા પિતાને લખો.

## પ્રકલ્પ

★ કોઈપણ પાંચ ઋતુકાવ્યોનો સંગ્રહ કરો અને તેની સરસ મજાની પુસ્તિકા બનાવો.

## વિશેષ વાંચન

### વા વા વંટોળિયા !

વાયરા વનવગડામાં વાતા'તા
વા વા વંટોળિયા રે !

હાં રે અમે ગાડામાં બેસીને જાતાં'તા
વા વા વંટોળિયા રે !

ગાડાં દોડે, ઘૂઘરા બોલે,
બળદ કેરાં શિંગડાં ડોલે !

હાં રે અમે એકસાથ-સાથ મળી ગાતાં'તાં
વા વા વંટોળિયા રે !

ધોમ ધખેલા, આભ તપેલાં,
ગરમી કેરી ગાર લીંપેલા,
હાં રે અમે ઊની ઊની લૂ મહીં નાહતાં'તાં
વા વા વંટોળિયા રે !

– જગદીપ વીરાણી

પ્રભુએ રચ્યું વન, તો માનવીએ રચ્યું નગર.

7DYCCG